
# અરબી દરિયામાં સાયક્લોનિક સ્ટોર્મ અશોબા ખતરનાક બન્યું



## દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની ચેતવણી : વાવાઝોડું મુંબઈથી ૫૯૦ કિમી અને વેરાવળથી ૪૭૦ કિમીના અંતરે સ્થિત : હવામાન વિભાગની પરિસ્થિતિ ઉપર નજર : માછીમારોને જરૂરી સુચનાઓ

અમદાવાદ,તા.૮

અરેબિયન દરિયામાં ડિપ-ડિપ્રેશનની સ્થિતિ હવે તીવ્ર બની વિનાશક સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડિપ-ડિપ્રેશનની સ્થિતિ હવે સાયક્લોનિક સ્ટોર્મ અથવા તો ચક્રવાતી વાવાઝોડા અશોબામાં ફેરવાઈ ગઈ છે અને હવે સુપર સાયક્લોનિક સ્ટોર્મમાં ફેરવાઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, ગુજરાત સહિતના રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે. પૂર્વ મધ્ય અરેબિયન દરિયામાં ડિપ-ડિપ્રેશન આગામી કલાકોમાં સાયક્લોનિક સ્ટોર્મમાં ફેરવાય તેવી શક્યતા છે. હાલમાં વાવાઝોડું મુંબઈથી ૫૯૦ કિલોમીટર પશ્ચિમ ઉત્તર પશ્ચિમના અંતરે છે જ્યારે વેરાવળથી ૪૭૦ કિલોમીટરના અંતરે કેન્દ્રીત હોવાનું જાણવા મળ્યું છે. ડિપ-ડિપ્રેશન સાયક્લોનિક સ્ટોર્મમાં ફેરવાઈ જતાં અશોબા વાવાઝોડાનું સંકટ વધુ ગંભીર બન્યું છે. સ્કાયમેટ હવામાન વિભાગે કહ્યું છે કે, આ સિસ્ટમ મજબુત બનશે અને આગામી ૩૬ કલાકમાં સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. વિશ્વભરની હવામાન સંસ્થાઓએ આ સિસ્ટમને પ્રોટીકલ સ્ટોર્મ જાહેર કરીને સુરક્ષા સંસ્થાઓને સાવધાન કરી દીધા છે. વાવાઝોડું પશ્ચિમી અખાત દેશને અસર કરે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. સિસ્ટમની અસર હેઠળ ગુજરાત સહિત પશ્ચિમ ભારતના રાજ્યોમાં ભારે વરસાદ થઈ શકે છે જેમાં મહારાષ્ટ્ર અને ગોવાનો પણ સમાવેશ થાય છે. ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે, સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. પરિસ્થિતિ પર નજર રખાઈ રહી છે. ૭૦થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પ્રચંડ પવન ફુંકાઈ શકે છે. કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્રના દરિયાકાંઠે તેની અસર જોવા મળશે.

દરિયાઈ સ્થિતિ પણ ખતરનાક સ્વરૂપ ધારણ કરી શકે છે જેથી માછીમારોને દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે. વાવાઝોડાના જુદા-જુદા નામ હંમેશા રાખવામાં આવ્યા છે. છેલ્લું જે વાવાઝોડું આવ્યું હતું તેને નિલોફર વાવાઝોડું નામ અપાયું હતું. આ નામ પાકિસ્તાન દ્વારા સૂચન કરાયું હતું. વાવાઝોડાની અસર હેઠળ માછીમારોને દરિયામાં ન જવા કહેવામાં આવ્યું છે. અશોબા પૂર્વ મધ્ય ઉપર કેન્દ્રીત છે. અમદાવાદ અને અન્ય વિસ્તારમાં પણ વરસાદ થઈ શકે છે.

દક્ષિણ ગુજરાત, દરિયાકાંઠામાં સૌરાષ્ટ્ર, દિવ-દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર અને ગુજરાતના દરિયાકાંઠે સક્રિય માછીમારોને આગામી ૪૮ કલાક સુધી દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે.

# નિતિશકુમાર ગઠબંધનના સીએમ ઉમેદવાર રહેશે

નવી દિલ્હી,તા. ૮

બિહાર વિધાનસભાની ચુંટણી માટે જેડીયુ અને આરજેડી ગઠબંધનના મુખ્યમંત્રી પદના



ઉમેદવાર તરીકે મુખ્યમંત્રી નીતિશકુમારને આજે જાહેર કરવામાં આવ્યા હતા. આની સાથે જ મુખ્યમંત્રી પદને લઈને ચાલી રહેલી દુવિધાનો અંત આવી ગયો હતો. બિહારમાં આ વર્ષે જ વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. પત્રકાર પરિષદને સંબોધતાં સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવે કહ્યું હતું કે, નિતિશકુમાર જેડીયુ-આરજેડી ગઠબંધનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર રહેશે. લાલુ યાદવે તેમના નામનું સુચન કર્યું છે.આ જાહેરાતના થોડાક સમય બાદ જ આરજેડીના વડા લાલુયાદવે કહ્યું હતું કે, મુખ્યમંત્રી પદના ઉમેદવારના નામ અંગે અંતિમ નિર્ણય મુલાયમસિંહ યાદવ દ્વારા કરાયો છે જે દરેક વ્યક્તિને સ્વિકાર્ય છે. અમે ભાજપને હાર આપવા માટે ભેગા થયા છીએ. લાલુએ પત્રકાર પરિષદને સંબોધતાં કહ્યું હતું કે, તેમના પરિવાર અને પાર્ટીમાંથી મુખ્યમંત્રી પદના હોદ્દા માટે કોઈ દાવેદાર નથી. બિહારના મુખ્યમંત્રી નિતિશકુમારે પણ કહ્યું હતું કે, આરજેડી, જનતાદળ યુનાઈટેડ અને કોંગ્રેસ સાથે મળીને ચુંટણી લડશે. અમે પહેલાંથી જ કોંગ્રેસ સાથે ગઠબંધનનો હિસ્સો છીએ.

નિતિશકુમારે પણ પત્રકાર પરિષદ યોજી હતી. નિતિશકુમારે કહ્યું હતું કે, બિહાર વિધાનસભાની ચુંટણી પહેલાં આરજેડી અને જેડીયુ વચ્ચે કોઈ વિખવાદ નથી. ગઠબંધનના ભાગરૂપે કોંગ્રેસ પણ રહે તેમાં લાલુને કોઈ જ વાંધો નથી. હવે જેડીયુ અને આરજેડીના ત્રણ-ત્રણ સભ્યો આવતીકાલે મળશે જેમાં બેઠકોની વહેંચણીના સંબંધમાં ચર્ચા કરાશે.

# આસામના છ જિલ્લામાં ફરી પુરથી હજારો લોકોને અસર

ગુવાહાટી,તા. ૮

આસામના છ જિલ્લામાં નવેસરથી આવેલા પુરના કારણે એક વ્યક્તિનુ મોત થયું છે અને ૩૩૦૦૦ લોકોને માઠી અસર થઈ છે. આસામ રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે બારપેટા,



સોનિતપુર, ધેમાજી, કોકરાઝાડ, બોંગઈગામ અને લખીમપુર જિલ્લાના ૧૦૮ ગામોમાં પુરની સ્થિતી સર્જાઇ ગઇ છે. જેથી ૩૩૦૦૦ લોકોને માઠી અસર થઈ છે. બારપેટા જિલ્લામાં સૌથી વદારે ૧૨૨૦૦ લોકોને અસર થઇ છે. જ્યારે કોકરાઝારમાં આશરે ૯૨૦૦ લોકો પુરના કારણે અસર પામ્યા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના નાયબ સચિવ નંદિતા હજારિકાએ એક નિવેદનમાં માહિતી આપતા કહ્યું છે કે મૃત્યુ પામેલ વ્યકિત બોંગાઇગામ જિલ્લાની છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કોકરાઝાર જિલ્લામાં ૧૨ રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં હાલમાં ૯૧૦૦ લોકો રહી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પુરના કારણે ૫૦ ઘર અને આશરે ૧૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઉભા પાકને ભારે નુકસાન થયું છે. પુરના કારણે સોનિતપુરમાં બે અને બોંગાઇગામમાં એક માર્ગ અને બે પુલને પણ નુકસાન થયું છે. કામરુપ જિલ્લામાં પુથીમારી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઇ છે. બીજી બાજુ અન્ય કેટલીક નદીઓમાં પણ પાણીની સપાટી હવે સતત વધી રહી છે. હાલમાં ભારે વરસાદના કારણે છ જિલ્લામાં પુરની સ્થિતી સર્જાઇ ગઇ છે. બચાવ અને રાહત કામગીરી કેટલાક વિસ્તારમાં હાથ ધરીને લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. તમામ જરૂરી સુવિધા કેમ્પમાં લોકોને આપવામાં આવી રહી છે.

**મોદી સરકારની યોજના સામે જોરદાર વિરોધ**

# યોગ અને સૂર્યનમસ્કારને લઈ હવે AIMPLBને વાંધો પડ્યો

## સ્કુલોમાં સુર્યનમસ્કાર અને યોગને ફરજીયાત કરવાની સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવવાની જાહેરાત કરી દેવાઈ

લખનૌ,તા. ૮

૨૧મી જુનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગા દિવસને સંપૂર્ણપણે સફળ બનાવવાના પ્રયાસ નરેન્દ્ર મોદી સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે ત્યારે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સ્કુલોમાં સુર્યનમસ્કાર અને યોગના કાર્યક્રમોને ફરજીયાત બનાવવા સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવવાનો નિર્ણય કર્યો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્ય મૌલાના ખાલીદ રશીદે કહ્યું છે કે, મૌલાના વલી રેહમાનીના નેતૃત્વમાં અમારા સભ્યોની એક કમિટી બનાવવાનો નિર્ણય કરાયો છે. આ કમિટી સુર્યનમસ્કાર અને યોગને ફરજીયાત બનાવવાની હિલચાલ સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, આ કમિટી બંધારણીય અધિકારીઓથી મુસ્લિમ સમુદાયના લોકોને વાકેફ કરવા માટે પણ પ્રયાસ કરશે. તેમણે ઉમેર્યું હતું કે, સુર્યનમસ્કાર અને યોગ અંગે અભિપ્રાય રજુ કરવામાં આવશે.

બાળકો પર ધર્મની વિરુદ્ધમાં રહેલી બાબતોને ફરજીયાતપણે લાગુ કરી શકાય નહીં. સુર્યનમસ્કાર અને યોગને લઈને વાંધો ઉઠાવવામાં આવ્યો છે. હિંદુ, મુસ્લિમ ટેન્શનની હદથી બહાર આ ઝુંબેશને લઈ જવાની વાત કરતા તેમણે કહ્યું હતું કે, ઝુંબેશમાં અન્ય ધર્મના લોકોને સામેલ કરવાના પ્રયાસ પણ કરવામાં આવશે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની કારોબારી સમિતિમાં બોલતા તેમણે કહ્યું હતું કે, કેટલીક સંસ્થાઓ આગળ આવી રહી છે. હાલમાં જ કેટલાક કોર્ટ નિર્ણય સરિયા કાયદાની વિરુદ્ધમાં ગયા છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે કોર્ટમાં આવા કેસોમાં અપીલ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે-સાથે પાર્ટી તરીકે કાયદાકીય લડત ચલાવવાની પણ તૈયારી દર્શાવાઈ છે. મૌલાના વલી રહેમાની બોર્ડના કાર્યકારી જનરલ સેક્રેટરી તરીકે ચુંટાઈ આવ્યા છે. બોર્ડે માહિતી આપી છે કે તેઓ ધર્મની રજુઆત કરનાર પરીબળોની ટીકા સામે પણ ઝુંબેશ ચલાવશે.

# નવા CVC તરીકે ચૌધરીની અંતે વરણી કરવામાં આવી

નવી દિલ્હી,તા. ૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં કેન્દ્ર સરકારે નવા ચીફ ઈન્ફોર્મેશન કમિશનર તરીકે વિજય શર્માની નિમણૂંક કરી છે. જ્યારે સીબીડીટીના ભૂતપૂર્વ વડા કેવી ચૌધરીની દેશના નવા સેન્ટ્રલ વીજિલન્સ કમિશનર (સીવીસી) તરીકે આજે નિમણૂંક કરી હતી. આની સાથે જ આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. આ નામને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની બેઠકમાં લીલીઝંડી આપવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. લોકસભામાં વિપક્ષની સૌથી મોટી પાર્ટી કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન



ખડગે સાથેની બેઠકમાં આને મંજુરી અપાઈ હતી. નાણાંમંત્રી અરુણ જેટલી ચીફ ઈન્ફોર્મેશન કમિશનની પસંદગી અંગે બેઠકમાં હાજરી આપી હતી. ગૃહમંત્રી રાજનાથસિંહે સીવીસી અંગે યોજાયેલી બેઠકમાં હાજરી આપી હતી. ગયા મહિનામાં જ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ સીઆઈસી, સીવીસી અને લોકપાલના વડાની નિમણૂંકમાં વિલંબ સંદર્ભે વડાપ્રધાન પર તેજાબી પ્રહાર કર્યા હતા. ઘણા આરટીઆઈ કાર્યકરોએ પણ નિમણૂંકમાં વિલંબને લઈને પ્રશ્નો કર્યા હતા. ભૂતપૂર્વ પર્યાવરણ સચિવ શર્મા વર્ષ ૨૦૧૨થી સીઆઈસીમાં ઈન્ફોર્મેશન કમિશનર તરીકે કામ કરી રહ્યા છે. શર્માની અવધિ છ મહિનાની રહેશે. જ્યારે ગયા વર્ષે ઓક્ટોબરમાં સીબીડીટીના વડા તરીકે નિવૃત્ત થયેલા ચૌધરી કાળા નાણાંના મામલામાં તપાસ કરી રહેલી ખાસ તપાસ ટીમના એડવાઈઝર તરીકે હાલમાં કામ કરી રહ્યા હતા. તેમની નિમણૂંક સુપ્રીમ દ્વારા કરાઈહતી. બે મેટિંગમાં ઈન્ફોર્મેશન કમિશનર અને એક વિજિલન્સ કમિશનરના ખાલી હોદ્દા માટે નામને મંજુરી અપાઈ હતી. પેનલની છેલ્લી બેઠક ૨૩મી મેના દિવસે યોજાઈ હતી.

**સાત કંપનીઓ દ્વારા બનાવાતી પ્રોડક્ટમાં તપાસનો આદેશ**

# નેસ્લે બાદ અન્ય નુડલ્સ, પાસ્તા સહિતના બ્રાન્ડ ચકાસણી હેઠળ

નવી દિલ્હી,તા. ૮

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા હવે આઈટીસી, જીએસકે કન્ઝ્યુમર, રૂચી ઈન્ટરનેશનલ, ઈન્ડો નિશીન, નેસ્લે સહિતની કંપનીઓ દ્વારા બનાવવામાં આવતા અન્ય બ્રાન્ડેડ નુડલ્સ, પાસ્તા અને માકારોનીના ટેસ્ટિંગનો આદેશ કરાયો છે. ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) દ્વારા હાલમાં બ્રાન્ડેડ નુડલ્સ સામે જોરદાર સપાટો બોલાવવામાં આવ્યો છે. નેસ્લેના મેગી નુડલ્સની તમામ વેરાઈટીઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આ હિલચાલ હાથ ધરાઈ છે. નેસ્લેના મેગી નુડલ્સ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. મેગી નુડલ્સને બિનસુરક્ષિત અને આરોગ્ય માટે ખતરનાક તરીકે ગણાવીને તેની ટીકા કરવામાં આવી હતી. આખરે તેના પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા મેગી નુટિલીસીયસ પાસ્તાની ચાર વેરાઈટીના ટેસ્ટિંગ માટે આદેશ કર્યો છે. મેગી અને અન્ય કેટલીક આવી જ પ્રોડક્ટના જુદા-જુદા ટેસ્ટ પરિણામો આરોગ્યને લઈને ગંભીર ચિંતા ઉઠાવી ચુક્યા છે. આવી સ્થિતિમાં નવા તપાસના આદેશ કરાયા છે. એફએસએસએઆઈ દ્વારા મંજુર કરવામાં આવેલા પ્રોડક્ટમાં તપાસ હાથ ધરવામાં આવી છે. આ સેમ્પલ ટેસ્ટિંગ માટે સત્તાવાર લેબમાં મોકલી દેવામાં આવ્યા છે. તમામ રાજ્યોમાં કમિશનર ઓફ ફુડ સેફ્ટીને પત્ર લખીને ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સીઈઓ વાયએસ મલિક દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. સંપર્ક કરવામાં આવતા સીજી ફુડના સીઈઓ ચીફ જીપી સાહાએ કહ્યું છે કે, અમારી બ્રાન્ડ તમામ ધારાધોરણ મુજબ આગળ વધી રહી છે. અમે કોઈ ટેસ્ટ બાકી રાખ્યા નથી. જરૂર પડશે તો સત્તાવાળાઓને સહકાર



આપશું. રેગ્યુલેટરી દ્વારા ફુડ પ્રોડક્ટના તમામ સેમ્પલોની ચકાસણી કરવા માટે કહેવામાં આવ્યું છે. આવનાર દિવસોમાં હજુ નવી પ્રોડક્ટ સકંજામાં આવે તેવી શક્યતા છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એવી ખાતરી કરવા માટે પણ કહેવામાં આવ્યું છે કે, આવી પ્રોડક્ટને બજારમાંથી પરત ખેંચી લેવામાં આવે જે નુકશાન કરે તે પ્રકારની છે. ફુડ રેગ્યુલેટર દ્વારા ધારાધોરણો જેમાં નક્કી કરાયા નથી તેને પણ પરત ખેંચવાની હિલચાલ ચાલી રહી છે. લીડ, કોપર, કેડમિયમના ઘટકતત્વોને લઈને ચકાસણી કરવામાં આવનાર છે. મેગી નુડલ્સ ઉપર દેશના અન્ય ભાગોમાં પણ હાલ પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. નેપાળ સરકારે પણ તેના માર્કેટમાં મેગી નુડલ્સના વેચાણ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. બહેરીનમાં પણ ભારતીય બનાવટની નેસ્લે મેગી નુડલ્સ પર પ્રતિબંધ મુકી દેવાયો છે. બ્રિટેનમાં પણ મેગી નુડલ્સના થોડાક સેમ્પલોમાં ચકાસણી કરવામાં આવી ચુકી છે. વધુ ફુડ પ્રોડક્ટને ચકાસણી હેઠળ આવરી લઈને આજે ટોપ રેમન, ફુડલેસ અને વાઈ વાઈ સહિતની બ્રાન્ડની ચકાસણીના આદેશ કરાયા છે. મેગી વિવાદના અનુસંધાનમાં ધારાધોરણને પાડવા સાત કંપનીઓ દ્વારા બનાવવામાં આવતી પ્રોડક્ટ ચકાસણી હેઠળ છે. જે સાત કંપનીઓ છે તેમાં નેસ્લે ઈન્ડિયા, આઈટીસી, જીએસકે કન્ઝ્યુમર હેલ્થકેર, સીજી ફુડ ઈન્ડિયા, રુચી ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે. તેની સમક્ષ નોંધાયેલી પ્રોડક્ટની ચકાસણીના આદેશ કરાયા છે.

# સીબુ સોરેનના સંબંધીની સીબીઆઈ દ્વારા ધરપકડ

નવી દિલ્હી,તા. ૮

સીબીઆઈએ આજે ઝારખંડમાંથી વર્ષ ૨૦૧૨ની રાજ્યસભાની ચુંટણીમાં હોર્સ ટ્રેડિંગની પ્રવૃત્તિમાં સંડોવણી બદલ જેએમએમના વડા સીબુ સોરેનના સંબંધની ધરપકડ કરી હતી. સીબીઆઈ સુત્રોએ માહિતી આપતા કહ્યુંછે કે, ભુવનેશ્વરના કેડારગોરી વિસ્તારમાં તેમના આવાસ ઉપરથી સીબીઆઈએ નારાયણ માંઝીની ધરપકડ કરી લીધી છે.

તપાસ સંસ્થાએ કહ્યું છે કે, માંઝીને મોડેથી સીબીઆઈ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. જ્યાં ત્રણ દિવસના ટ્રાન્જીટ રિમાન્ડ પર સોંપવાનો આદેશ કરાયો હતો. સીબીઆઈ હવે સમગ્ર મામલામાં વધુ તપાસ કરી શકશે. માંઝી ઝારખંડ મુક્તિ મોરચાના પ્રમુખ સીબુ સોરેનના સંબંધી છે. વર્ષ ૨૦૧૨માં સીબીઆઈએ આ કેસના સંબંધમાં માંઝીના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૧૪માં સીબીઆઈ કોર્ટે સીતા સોરેન અને તેમના પિતા બન્નેની સંપત્તિ જપ્ત કરવાનો તપાસ સંસ્થાને આદેશ કર્યો હતો. ઝારખંડ હાઈકોર્ટે સીતા સોરેનને શરતી જામીન આ કેસમાં આપી દીધા હતા. સીબીઆઈએ ઘણા બધા પુરાવા એકત્રિત કર્યા હતા.

**કેશ ફોર વોટ કૌભાંડમાં નવો વળાંક**

# લાઈ ડિટેક્ટર ટેસ્ટનો નાયડુને ખુલ્લો પડકાર

હૈદરાબાદ,તા. ૮

તેલંગાણામાં કેશ ફોર વોટ કૌભાંડને લઈને નવો વળાંક આવી ગયો છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને નોમિનેટેડ તેલંગાણાના ધારાસભ્ય સ્ટેફન્સ વચ્ચે ટેલીફોનિક વાતચીતની ઓડિયો ટેપ સપાટી પર આવી ગઈ છે. આંધ્રપ્રદેશ સરકારે એવા અહેવાલને રદીયો આપ્યો છે કે, આમાં અવાજ નાયડુનો રહેલો છે. તેલંગાણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવના પુત્ર અને રાજ્યના પ્રધાન કે તારાકરમા રાવે કેશ ફોર વોટ કૌભાંડના સંદર્ભમાં લાઈ ડિટેક્ટર ટેસ્ટમાંથી પસાર થવા મુખ્યમંત્રી નાયડુને ખુલ્લો પડકાર ફેંક્યો છે. તેલંગાણાના ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ આ કૌભાંડના સંદર્ભમાં ટીડીપીના ધારાસભ્ય આર રેડ્ડી અને અન્ય બેની પૂછપરછ કરી છે. આંધ્રપ્રદેશના જુદા-જુદા ભાગોમાં ટીડીપીના નેતાઓ અને કાર્યકરો જોરદાર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ટીઆરએસની સરકાર સામે પણ આક્ષેપબાજી થઈ રહી છે. ચંદ્રશેખર રાવ સામે પણ વિરોધ પ્રદર્શન જારી છે. જુદા-જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. આંધ્રના મુખ્યમંત્રીએ ખાતરી આપી છે કે, જો કોઈ ગેરરીતી હશે તો તેની સામે પગલા લેવામાં આવશે.

# જુના પરંપરાગત રૂટથી કૈલાશ માનસરોવર યાત્રા શરૂ કરાઈ

નવી દિલ્હી,તા. ૮

વાર્ષિક કૈલાશ માનસરોવરની યાત્રા જુના પરંપરાગત રૂટ મારફતે આજે શરૂ થઈ હતી. જ્યારે સિક્કીમમાં નાથુલાપાસ મારફતે નવા રૂટથી કૈલાશ માનસરોવરની યાત્રા ૧૮મી જુનથી શરૂ કરવામાં આવશે. જુના રૂટ વાયા લીપુલેખ પાસથી આજે શરૂ થઈ હતી. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે અગાઉ જાહેરાત કરી હતી કે, કૈલાશ માનસરોવર યાત્રા ચીન મારફતે પસાર થતાં મોટા રેબલ રૂટથી પ્રથમ વખત ૧૮મી જુનથી શરૂ થશે. નાથુલા મારફતે આ રૂટ આગળ વધશે અને લોકોને ઓછી તકલીફ પડશે. ચીન દ્વારા સહમતી દર્શાવવામાં આવી ચુકી છે. આ નવો રૂટ પરંપરાગત લીપુલેખ સિવાય અલગ રહેશે. સુષ્મા સ્વરાજે યાત્રાના સંદર્ભમાં વિસ્તૃત માહિતી વેબસાઈટ ઉપર આપી દીધી છે. પરંપરાગત જુના રૂટથી આ યાત્રા આજે શરૂ થઈ છે. આ યાત્રા પર ૧.૫ લાખ રૂપિયાનો ખર્ચ થશે. પૂર્વીય સિક્કીમથી શિગાત્સે મારફતે આ યાત્રા રહેશે.

ભારત-ચીન સરહદ ઉપર વાયા નાથુલા નવો રૂટ રહેશે. તિબેટમાં બીજા સૌથી મોટા શહેર શિગાત્સેથી સિક્કીમ સુધી આ માર્ગ આગળ વધશે. આ સંદર્ભમાં સમજુતી થઈ ચુકી છે. સપ્ટેમ્બર ૨૦૧૪માં વડાપ્રધાન મોદીની ચીનની યાત્રા દરમિયાન આ સમજુતી થઈ હતી. ૧૮મી જુનથી યાત્રા શરૂ થયા બાદ નવા રૂટથી યાત્રા પર ખર્ચ ૧.૭૦ લાખનો રહેશે. જુના રૂટથી ૬૦ લોકોની દરેક બેંચમાં ૧૮ બેંચ યાત્રા કરશે. જ્યારે ૫૦ લોકોની બનેલી પાંચ બેચ નવા રૂટથી આગળ વધશે અને તિબેટમાં કૈલાશ માનસરોવર પહોંચશે. કૈલાશ માનસરોવર યાત્રાને લઈને શ્રદ્ધાળુઓ ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. બન્ને રૂટથી યાત્રા માટે ભાડાની વિગત આપી દેવામાં આવી છે. હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ વેબસાઈટ ઉપર તમામ વિગતો આપવામાં આવી છે. જે મારફતે યાત્રીઓ નાણાંની ચુકવણી કરી ચુક્યા છે.

# ઉત્તર પૂર્વમાં હુમલાઓનો જવાબ અપાશે જ : રિજ્જુ

નવી દિલ્હી,તા. ૮

ગૃહ રાજ્યમંત્રી કિરણ રિજીજુએ આજે કહ્યું હતું કે, ઉત્તરપૂર્વીય પ્રદેશમાં બળવાખોર સંગઠનો દ્વારા સુરક્ષાદળો પર કરવામાં આવી રહેલા હુમલાને લઈને કેન્દ્ર સરકાર ખૂબ જ ગંભીર છે અને ટૂંક સમયમાં જ યોગ્ય જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું હતુ કે, રાજ્ય પોલીસ અને કેન્દ્રીયદળો આ સમસ્યાને રોકવા માટે સાથે મળીને કામ કરશે. આજે સવારના પત્રકારો સાથે વાતચીત કરતાં રિજીજુએ કહ્યું હતું કે, ઉત્તરપૂર્વમાં ત્રાસવાદી સંગઠનો દ્વારા કરવામાં આવી રહેલા હુમલાઓને અમે ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યા છીએ. આવી સમસ્યાઓને કઈ રીતે રોકવામાં આવે તેને લઈને અમે ચર્ચા કરી રહ્યા છીએ. અરુણાચલ અને મણિપુરમાં હાલ સુરક્ષાદળો ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. નેશનલિસ્ટ સોશિયલ કાઉન્સીલ ઓફ નાગાલેન્ડ દ્વારા રવિવારના દિવસે અરુણાચલમાં તિરાપ જિલ્લામાં હુમલો કરાયો હતો. આ પહેલા ચોથી જુનના દિવસે મણિપુરમાં સેનાના કાફલા ઉપર હુમલો કરાયો હતો જેમાં ૧૮ જવાનો માર્યા ગયા હતા. બંડખોરો દ્વારા હાલમાં જ ઉપરાઉપરી બે હુમલા કરવામાં આવી ચુક્યા છે.